ॐ

શ્રી. કચ્છી કડવા પાટીદારોના ઉત્સાહી યુવકો તરફથી
પ્રગટ થયેલું. પુષ્પ બીજું.

મીત્રોના કાવ્યો સહિત.

યુવકના ઉદ્દગાર

અને

સંગઠન શકિત.

તમ હૃદયનો રણકાર ઉંડો જ્ઞાતિ હિતનો હો કદી;
તમ રકત નાડીમાં વહે પ્રવાહ હિતનો જો કદી.
તમ પ્રાણમાં હિત જ્ઞાતિના અક્ષર લખ્યા હો હો કદી;
પણ સંપ સંગઠન થકી હિત જ્ઞાતિનું થાશે નક્કી.

લેખક અને પ્રકાશકઃ—

પુંજાભાઇ ખેતસિંહ પટેલ.

ઠેઃ રામસ્વામી ગાડીખાતા, પાર્વતી પતિ આનંદ સુખધામ
મંદિરની પાછળ.–કરાચી.

સંવત ૧૯૮૩
સને ૧૯૨૭. | મૂલ્ય ૦—૨—૦

ॐ

શ્રી. કચ્છી કડવા પાટીદારોના ઉત્સાહી યુવકો તરફથી
પ્રગટ થયેલું. પુષ્પ બીજું.

મીત્રોના કાવ્યો સહિત.

યુવકના ઉદ્‌ગાર

અને

સંગઠન શક્તિ.

તમ હૃદયનો રણકાર ઉંડો જ્ઞાતિ હિતનો હો કદી;
તમ રક્ત નાડીમાં વહે પ્રવાહ હિતનો જો કદી.
તમ પ્રાણમાં હિત જ્ઞાતિના અક્ષર લખ્યા હો હો કદી;
પણ સંપ સંગઠન થકી હિત જ્ઞાતિનું થાશે નક્કી.

લેખક અને પ્રકાશકઃ—
પુંજાભાઇ ખેતસિંહ પટેલ.

ઠેઃ રામસ્વામી ગાડીખાતા, પાર્વતી પતિ આનંદ સુખધામ
મંદિરની પાછળ.—કરાચી.

સંવત ૧૯૮૩
સને ૧૯૨૭. | મૂલ્ય ૦—૨—૦

સ્વ ધર્મ.

—સવૈયા એકત્રીશા.—

વેદ મંત્રના મહા વાકયો જે શ્રુતિ સમૃતિ વચનોનું શાર;
ધર્મ આશ્રમો અતિ બનાવો વેદ ધ્વનીના કરો ઉચ્ચાર.
ત્રિકાળ સંધ્યા યજ્ઞાદિક જે ધર્મ ક્રિયાનો કરો પ્રચાર;
અંતઃકરણના ઉદ્દગારોએ તન, મનથી થાઓ તૈયાર.
સમજો વ્હાલા જ્ઞાતિ વીરો અર્જ "યુવક"ની ઉર ધારી;
શુભ રીતિ સંભાળી સરવે દુષ્ટ રીત કરજો ન્યારી.
ૐ નામને જપતાં હરદમ મન શાન્તિ મળતી જાશે;
ઓમ્કારે ઇશ્વર અવિનાશી, સ્મરણથી શાન્તિ થાશે.
સુખમય એ છે સદૈવ તે વિણ અન્ય બધિ છે ઉપાધી;
વખત તણો વ્યય રકતાં શાને ફોગટ એ ભ્રાન્તિ બાંધી.
શુધ્ધ પ્રેમથી શ્રી હરી ભજતાં સુખ શાન્તિ સર્વે થાશે;
મુકતાનંદ હૃદયે પેખ્યાથી : તિમીર મનનું છેદાસે.

—o—

સત્યને માર્ગે જતાં સંકટ પડે તો શું થયું;
પરમાર્થનું શુભ કાર્ય કરતાં ગરીબ થઇ તો શું થયું
વિવેક આદિ સાધને સ્વરૂપને સમજી કરી;
પરમેશના પુજન મહીં મૃત્યુ થયું તો શું થયું.

ॐ

અર્પણ પત્રિકા.

પ્રિય મીત્ર !

હંસરાજ દાના છાભઈઆ.

નિવાસ સ્થાન, બલારશા.

જીલ્લાઃ ચાંદા.

કરાચીના ઉત્સાહિ યુવકોએ, જ્ઞાતિ હિત માટે કરેલા દરેક કાર્યોને, તમોએ પોતાનું કાર્ય સમજીને બનતી સ્હાયતા આપવાની અપુર્વ લાગણી દર્શાવી રહ્યા છો. આપમામાં સાદાઇ, તેમજ સ્વધર્મ પ્રત્યે અવિચળ પ્રેમ અને સ્વજ્ઞાતિને સુધારવાની આપના હૃદયમાં નવીન ભાવના જાગૃત થયેલી છે. એવા સુભ ગુણો યુકત આપનો ઉત્સાહ લક્ષમાં લઇને હું આ બીજું પુષ્પ **યુવકના ઉદ્‌ગાર અને સંગઠન શકિત** આપના કરકમલમાં અર્પણ કરી કૃતાર્થ થાઉં છું. પરમપિતા, દયાળુ પરમાત્મા આપને તેમજ સહકુટુંબને સદા–સર્વદા સુખી રાખે.

એજ ઇચ્છતો મીત્ર.

પુંજાભાઇ ખેતસિંહ પટેલ.

સંવત ૧૯૮૩ આસો

વદ)) મંગળ

સવંત ૧૯૮૩ આસો અમાવાસ્યા

Date: 25-Oct-1927

પ્રસ્તાવના.

પતિત પાવની પુજ્ય જ્ઞાતિમાંથી પાખંડ, કુસંપ અને અન્યાયી પક્ષપાતની, જ્ઞાતિને દુર્દશાએ પ્હોંચાડનારી ઝેરી જડને નષ્ટ કરી બંધુઓ ઉન્નતિ અર્થે લક્ષ સ્થાને પ્હોંચવા ભ્રાતૃભાવથી ફર્જ બજાવશે. તે સારૂં પરમ પિતા પ્રભુની કૃપાદ્રષ્ટિથી જ્ઞાતિ હિતની અભિલાષા માટે, મારી વિદ્યાવૃધ્ધિના અભાવે અલ્પસ્વલ્પ કાર્ય કર્યું છે. તેમાં પ્રુફની ભુલો રહેલ છે. તેથી વાંચક મીત્રોને જ્યાં જ્યાં ત્રુટીઓ જણાય ત્યાં ત્યાં હંસ વૃત્તિના ક્ષીર નીર ન્યાયે રહી ગયેલ ભૂલો સુધારી વાંચશે અને જેટલું સત્ય જણાય તેટલું ગ્રહણ કરી જીવનમાં અનુભવી લાભ લેશે. જેથી મ્હારો અને મીત્રોએ કરેલો પ્રયત્ન સફળ થાય.

આ પુષ્પની પાંખડીઓમાં સંગઠન ભાવથી કાવ્ય રૂપી સુગંધી ભરીને. તેની સુવાસ પ્રસરાવા દરેક ભાઇ, બ્હેનોને મળે તે માટે ઉદારતાથી તન, મન, અને ધનથી ફર્જ બજાવી રહ્યા છે તેમનો અને જેઓ પુષ્પ વાંચીને અન્યને શ્રવણ કરાવનાર શ્રવણ કરી લાભ લેનાર સર્વ ભાઇ, બ્હેનોનો ઉત્સાહી યુવકો તરફથી અત્યંત આભાર માનું છું.

સેવક પુંજાભાઇ.

શુધ્ધિ પત્ર

પા.	લી.	અશુધ્ધ.	શુધ્ધ.
૧૦	૧૬	કરતા	કરતા દેવ
,,	૧૭	ધરીએ	ધરીએ છીએ.
૧૪	૮	તેમને	તમને
૧૬	૧૧	આપણા	આપણ
૨૭	૮	તેને	તેને અમે

ॐ

યુવકના ઉદ્દગાર
અને
સંગઠન શકિત.

પ્રકરણ ૧ લું.

મંગલાચરણ.

—હરિગીત છંદ—

શકિત સકળ જગદીશ્વરી તારી ‡ અવર્ણ્ય અપાર છે;
વિશ્વેશ્વરી આ વિશ્વ રચના દિવ્ય અપરંપાર છે.
માયા પ્રકૃતિ રૂપ અગણીત ઇષ્ટ કઈંક પ્રકાર છે;
મમ દેવી એવી ભકત વત્સલ પ્રણુતપાલ કૃપાલ છે. (૧)
તારક દુઃખોના દ્વંદથી સહાયક સદા સુખદાઇ છે;
દિન દાસની સહુ આશ માતુ પુર્ણ કરવા ધાઈ છે.
હે; દેવી મારી અલ્પ બુદ્ધિ ઇષ્ટ તુંજ સુધારજે;
મમ દેવી એવી ભકત વત્સલ પ્રણુતપાલ કૃપાલ છે. (૨)
તુજ શકિતથી હું સ્વલ્પ વ્યકિત કાર્ય આરંભિત કરૂં;
મમ જ્ઞાતિ હિતની આશ મોટી દેવી હું તુમાં ધરૂં.
કલ્યાણકારી સહાય આપી વિઘ્નનેય વિદારજે;
મમ દેવી એવી ભકત વત્સલ પ્રણુતપાલ કૃપાલ છે. (૩)

---

‡ અવર્ણ્ય = જેનું વર્ણન થઇ ન શકે.

(૨)

જગત પર દ્રષ્ટિ.

—હરિગીત છંદ—

મમ બંધુઓ જાગી જુઓ કે જગતમાં શું થાય છે;
તોડી પ્રપંચી પાસ આજે મુક્ત માનવ થાય છે. (૧)
આવ્યો સમય આજે હવે નિજ જ્ઞાતીનો ઉ-તમ અતી;
તો ખંતથી નીજ જ્ઞાતિનું શ્રય સાધવા રાખો મતી. (૨)
જ્ઞાતિ તણા શ્રય માટ સારી જીંદગાની ગાળજો;
જુઠા બધા આડંબરો તજી સત્યતા સંભાળજો. (૩)
પાળી રીવાજો યોગ્ય સૌ અણુ યોગ્ય આજે ટાળજો;
થાશે ઉદય જ્ઞાતી તણો આ શબ્દ ઉર ઉછાળજો. (૪)
સાચું તમો સમજી અને સમજાવજો સહુ ભાઈને;
કરજો સદા સત્કર્મ એવાં ધર્મ ધરજો ધાઇને. (૫)
આ દેહ માનવનો મળ્યો બહુ જન્મના પુન્યે કરી;
સમજો સદાય સ્વરૂપને અનુભવ લીયો જ્ઞાને કરી. (૬)

(૩)

યુવકોનું કર્તવ્ય.

વસંત તિલકા વૃત.

જ્ઞાતી તણું હીત ચહો, મન મોદ આણી,
જ્ઞાતી સુધારક બનો, અહો ભાગ્ય જાણી,
જ્ઞાતી વિષે ઉચરશો, નવ દ્વેષ વાણી,
જ્ઞાતી ભગીરથી સમાન, લહો પ્રમાણી.

(મીત્ર મોજી.)

આપણી જ્ઞાતિની સ્થિતિ દીન પ્રતિદિન બગડતી જાય છે, ત્યારે આજનો આપણો યુવાન વર્ગ કર્તવ્યહીન થઇ, સુસ્ત બની, મૌન બેઠો છે, સેવા ધર્મ ત્યાગી દીધો છે. યુવાન ! નિરાશવાદી ન થતાં ઉત્સાહી થઇ તારી નસે નસમાં વહેતા લોહીમાં કર્તવ્યતાની ભાવના ભરી, સ્વબંધુઓને ખાતર-સ્વજ્ઞાતિની ખાતર, સચ્ચાઇ અને પ્રમાણીકપણાની કરની ખરી સેવા ક્ષેત્રે ઝંપલાવ.

પ્રત્યેક યુવાનો, એ જ્ઞાતિના ઉન્નતિ કે અધોગતીના વીધાયક છે, એમને ડગલે ને પગલે જ્ઞાતીનું ભુંડું કે ભલું ભાવી ઘડાય છે. એમના કર્તવ્ય પરાયણ થવાથી જ્ઞાતીની ઉન્નતી થવાની છે. એવા જ્ઞાતીના પાયારૂપ યુવાનો જો જ્ઞાતી જુલ્મો ને કુર રૂઢીઓ સામે નહીં થાય તો જ્ઞાતીની જે અધોગતી થાય છે. તે દીન પ્રતીદીન વીશેષ પ્રમાણમાં થતી જશે.

જ્ઞાતી સુધારણા, આત્મ સુધારણા, અને કુરૂઢી નીકંદન

કરવુ' એ પ્રત્યેક નવયુવાનની ફરજ છે. શુશિક્ષિત યુવાનો જો નિંદ્ય રીવાજોથી અલગ રહીને છેચોક સ્વતંત્ર પગલાં નહી. ભરે તો, એમનુ' શીક્ષણ, સંસ્કૃતી શા કામનાં છે? મૃતવત્ એ શિક્ષણ સંસ્કૃતી ઉપર લ્યાનત હજો! પરંતુ જીવન્ત સુધારણા સાધક હોય તો અમર તપજો!

જ્ઞાતીના જરી પુરાણા પુરૂષવરો આજે જડ બનીને સંતુષ્ટ ભાવે, રૂઢી જુલ્મો સાંખી લે છે. એમનામાં પ્રગતિની આગ નથી, વિકાસની મહેચ્છા નથી અને સમુદ્ર ક્રાંન્તીને પંથે કુચ કરવાની તાકાત નથી, વર્ષોથી રૂઢી પરંપરાએ એમને જડને ચેતનહીન બનાવ્યા છે, એમની દ્રષ્ટી વર્ષોના વહન સાથે ઘસડાઇને સંકુચીત બની છે, એમની નસોમાં યુવાનીનુ' નવુ' લોહી નથી ધખધકતુ' કે, તેમને અવિરત ઝુંબેસના પાનો ચડે. એ મહાનુભાવો, અગ્રગામીઓ તો આપણા સૌને પેલી મજુરગારને વજ્રબંધ રૂઢીઓનો વારસો આપીને સ્વર્ગે સીધાવશે.

પરંતુ એ હાનીકારક વારસાને ફેડી તેને સ્થાને નવા યુગના બળવાન તત્વો આરોપવા એ ફરજ આજની ઉગતી પ્રજાને શીરે છે. પ્રત્યેક નવયુવાનને માથે સાફ સુફી અને સુધારાની ધર્મ ભાવનાનો બોજ છે. જ્ઞાતીની આર્થીક અધોગતી, નૈતીક અવનતી, સાંસારીક નાસેશી અટકાવવી હોય તો દરેક નવયુવાનોએ સત્યાગ્રહના શસ્ત્રોના ઘાવ ઝીલવા તૈયાર રહેવુ' પડશે, 'સામુદાયીક બંડની વહેલી વહેલી આજથી તૈયારીઓ માંડવી પડશે, આજે જ્ઞાતી પોતાની ઉન્નતી માટે સુધારા માગે છે, તરૂણ

જનતાની નવ ચેતના અને કાર્ય શકિત ઉપર એણે આશાની મીટ માંડી છે. જ્ઞાતિ બસ એકજ ચીજ ઇચ્છે છે, નવયુવાનોનો બળવો જ્ઞાતિ જુલ્મો અને જડ રૂઢીઓ સામે તરૂણ જનતાનો સામુદાયીક ધસારા બંધ બળવો! નવયુવાન જો પોતાની જનનીના સાચા સુપુતો હોય તો તેમના હૃદયમાં આજે અસંતોષની જ્વાળા બળતી જોઇએ, પોતાના ભાંડુઓને રૂઢિ જુલ્મોમાં પીડાતા જોઇ તેમની આંખોમાંથી લાલ આંસુ ટપકવાં જોઇએ, અને પ્રતિક્ષણે તેમની બંડવૃત્તિ ઉદ્દામ બનતી જોઇએ, એવા માર માર કરતા મ્હારથી, અડગ લડવૈયા, અવિરામ ઝુઝનાર સૈનીક યુવાનો કયાં છે? બેહાલી અને મરણને કીનારે ઉભેલી જ્ઞાતી સંસ્થા પ્રશ્ન કરે છે કે "કયાં છે મારા તારણહાર એ નવયુવાનો?" અમે પણ એની સાથે વેદનાનો સુર મીલાવીને પુછીએ છીએ કે "કયાં એ બળવાના, ખરી દાઝના ઉત્પાદક જ્ઞાતી ઉદ્ધારક મહારથીઓ?"

આ પ્રશ્નનો જવાબ અમે તરૂણ નવયુવાનો આગળ યાચીએ છીએ. એનો જવાબ કંઇ શબ્દોમાં ન હોય, નમાલા લખાણોમાં ન હોય, નીર્વીર્ય અરૂણ્ય રૂદનમાં ન હોય, એનો જવાબ તો એકજ હોય, વર્તન, વચન અને ચીંતનમાં અહોનીશ યુવાનોના સદકાર્યનો બળવો.

યુવાન! તારી જોખમદારી સમજ. આજે સ્વબંધુઓ, તારી પાસે કંઇ માગે છે. આજે તેઓ એમ સમજે છે કે, જ્ઞાતીની આ સ્થીતીમાં જો કંઇ કરી શકતા હોય અથવા તો કરી શકશે તો તે આજનો નવયુવાન વર્ગજ છે. જ્ઞાતીના બંધારણમાં કંઇ

ફેરફાર કરી, કંઈ યોગ્ય આદર્શ અને અનુકરણીય બંધારણ કરી શકે તેમ હોય. આજે જ્ઞાતીની ઉન્નતીમાં પોતાની ઉન્નતી સમાયેલી છે તેવું સમજનાર હોય, જ્ઞાતીની સેવા અને ઉન્નતીના ક્ષેત્રમાં તન, મન અને ધન અર્પણ કરી આગળ ધપવા ઇચ્છા ધરાવનારો હોય તો તે આજનો યુવાન વર્ગ છે. પણ...... અફશોષ આજે આપણી જ્ઞાતીની અધોગતી થઇ રહી છે. તેના કારણભુત હોઇએ તો આપણે છીએ, કારણ આપણામાં મીથ્યા અભીમાન છે, આપણામાં ઇર્ષા છે, આપણામાં વૈરભાવ છે, આપણે કર્મહીણ બન્યા છીએ, આપણે કર્તવ્યતાની ધગશ વીનાના છીએ, આપણે સ્વાર્થમાં રચ્યા પચ્યા રહીએ છીએ.

પ્રીય નવયુવાન બંધુએ! ક્ષણ ભરને માટે આપણા આગળના ગૌરવનો, જાહોજલાલીનો, આપણી સ્થીતીનો ખ્યાલ કરો! અને આજે આપણે કઇ સ્થીતીએ આવી પ્હોંચ્યા છીએ, તેનો ખ્યાલ કરો! તેના કારણભુત કોણ? તે વીચારો.

"પ્રાપ્ત થએલી વસ્તુઓ માનવ જાતીની સેવા માટે સાંપડે છે અને આ જીવન પણ સ્વજાતીની સેવા માટે નીર્માણ થયું છે એવી ભાવના જેના હૃદયમાં સ્ફુરી નથી તે કદી પણ ખરેખરાં મેહદ પદને પામતા નથી."

યુવાન! તને આ ભાવના તારી જ્ઞાતીની ખાતર કદી ઉપજી છે? તેં તારી ફરજોને યાદ કીધી છે? ધર્મ તો કહે છે કે કર્મહીન થતાં ધર્મહીન થવાય છે અને ધર્મહીન થતાં અધોગતી પ્રાપ્ત થાય છે. આજે આપણે શું કર્મહીન નથી થયા? અને આ કર્મહીન

થતં આપણે ધર્મહીન થઇ આપણી અધોગતીના કારણભુત શું આપણે નથી? યુવાન! વીચાર!! એક ક્ષણભર વીચાર! અને તેં તારા કર્મમાં કેટલો હીસ્સો આપ્યો તેનો ખ્યાલ કર અને તેનું સરવૈયું કાઢ. તને શું ખ્યાલ થશે તેનું પરિણામ શુન્યં શુન્ય શું નહિ આવશે?

આ ઋણમાંથી જ્યાં સુધી તું મુકત નથી ત્યાં સુધી તારે માથે કેટલું કરજ છે તેનો ખ્યાલ કર! કરજ તે એક ખરાબમાં ખરાબ વસ્તુ છે. તને શું કરજ વ્હાલું છે? તારે શું કરજમાંથી મુકત થવું નથી? કરજમાંથી મુકત થવું હોય તો કર્મ યોગી થા. તારી ફરજો અદા કરી ઋણ મુકત થા.

યુવાન! નિરાશ ના થશો! કદાચ તમો કહેશો કે અમે એકલા શું કરી શકીએ? તો તે નિરાશાવાદી સુચના ના કરજો. એકલો શું ન કરી શકે? જે હજારો ન કરી શકે તે અચળ શ્રધ્ધાવાળો એકજ હાથ કરી શકે છે. પણ......બસ, આવી અટકયું. આપણી સમાપ્તિ 'પણ' માં સમાઇ જાય છે. ત્યાં 'પણ' આગળ અટકી જવાય છે; સુસ્તી આવી જાય છે. સુસ્તી આવતાં નિરૂદ્યમી થવાય છે અને નિરૂદ્યમી થતાં કર્મહીન થવાય છે, માટે નિરૂદ્યમી ન થતાં ઉદ્યમી થા. અને ઉન્નતિઓની પ્રવર્તિઓ તરફ ધસ! ઉઠ! જાગૃતિના આ યુગમાં જાગૃત થા, કમર કસી આગળ ધસ અને "સેવા ધર્મ પરમઃ ગહનો" એ સુત્ર ગ્રહણ કરી સેવા ક્ષેત્રમાં ઝંપલાવ.

સેવાનો અંત ન હોય, તેનાં મૂલ્ય ન અંકાય, સેવાના ક્ષેત્રમાં ઉભો રહે ત્યારે પાછી પાની ન કરતો, હૃદયને હતાશ ન કરતો. હવે તો હૃદયની તુચ્છ દુર્બળતાને દુર કરી ઉભો થા. તેવા કર્મયુગનો બોધ દેનારા આજની જ્ઞાતીમાં નથી. તેનો તું ખ્યાલ કરી લેજે.

છેજ કયાં ?

(હરિગીત છંદ)

જ્ઞાતિ સુધારક આપણા હિત જ્ઞાતિનું ચ્હાયે ખરા !
પણ જ્ઞાતિહિતનું યંત્ર વા જે હેત તે કો' છેજ કયાં ? ૧
અજ્ઞાન દેખી કોમનું દીલ દાઝ ધરતા સૌ ખરા !
અજ્ઞાન–હત પણ જ્ઞાન પાયો જ્ઞાતિમાં કો' છેજ કયાં ? ૨
નિજ જ્ઞાતી બાંધુ ભટકતા ભાળી હ્રદય કંપે ખરાં !
પણ અસર કારક તેમને ઉપદેશ કો'ને છેજ કયાં ? ૩
જ્ઞાતિ ઉદય મંત્રો ભણી જ્ઞાતિ ઉદય ચ્હાયે ખરા !
પણ જ્ઞાત્યુદયનું મુગ યંત્રજ સંપ કોને છેજ કયાં ? ૪
કુરિતના વંટોળથી આ કોમ કિસ્તિ ડુબતી;
પણ સ્હાય માટ સુરિતના સઢ કિસ્તિમાં કો છેજ કયાં ? ૫
કુરૂઢીઓના પવન ઝેરી જ્ઞાતિ બાગ પ્રજાળતો;
સદ્બોધ ગ્રાહી જીવન તરૂએ વારી સીંચન છેજ કયાં ? ૬

(મીત્ર)

વિજયી નાદ.

—ગઝલ—

જગાડીશું જગાડીશું અમો જ્ઞાતિ જગાડીશું
યુવક સહુ સાથમાં રહીને અમો જ્ઞાતિ જગાડીશું (૧)

હિતાહિતને વિચારીશું અને આરોગ્ય રાખીશું
સુબુધ્ધિ શુદ્ધ થાવાને અમો બ્રહ્મચર્ય પાળીશું (૨)

મળી સૌ જ્ઞાતીના બંધુ સ્વધર્મી શસ્ત્ર ધારીશું
સુનીતિ સંપ રાખીને કુનીતીને નિવારીશું (૩)

અહી સદધર્મનો ઝંડો મહામંત્ર ગજાવીશું
ગબડતું જ્ઞાતિનું ગાડું સરળ માર્ગે ચડાવીશું (૪)

કલંકીત કોમની કીર્તી થયેલી તે સુધારીશું
સનાતન વેદ ધર્મી સૈ અમો સેવા બજાવીશું (૫)

ભટકતા ભાંડુઓ ભાળી અમારાં કાળજાં કંપે
સુપંથે તેમને લાવી વીપંથેથી વળાવીશું (૬)

સુગુણી ગાન જ્ઞાતિના ગજાવીશું ! ગજાવીશું !
અને દુર્ગુણ દેખાતા તજાવીશું ! તજાવીશું ! (૭)

ભલે દુઃખો હજારો હો તથાપી તે ન માનીશું
પરંતુ ધીર ધારીને ફરજ સાચી બજાવીશું (૮)

ફરીશું ના! ડરીશું ના! કરીશું કાર્ય સહુ માટે
પ્રભુની સ્હાયથી અંતે પ્રતિજ્ઞા પાર લાવીશું (૯)

જોવાય ના સ્હેવાય ના

(હરિગીત છંદ)

૧

"નિર્ધન કરી દેજે પ્રભુ! આરોગ્યતા પણ લુંટજે?
ભિક્ષાનથી પોષણ કરું, ત્હોયે હૃદયમાં સુખ છે.
સંસારમાં શુભ કીર્તિ કે, મ્હોટાઇ મુજને ના મળે;
લોકો ભલે ધિક્કાર દે, ત્હોયે હૃદયમાં સુખ છે.

૨

પણ રક્ષજે મુજ સ્નેહીને. સુખી સર્વ વાતે રાખજે;
પ્રીય સ્નેહીને જોવા સુખી, ઉદ્દેશ મ્હારો એજ છે.
રે! રે! હૃદય ચીરાય છે, દુઃખ સ્નેહીનાં કંઇ દેખતાં;
જોવાય ના સ્હેવાય ના, દુઃખ દર્દ હા! સ્નેહી તણું.

(નલીનીકાન્ત)

"ગાયત્રિ મંત્ર"

ઓરૂમ ભુર્ભુવઃ સવઃ તત્સવિતુર્વરેણ્ય
ભર્ગો દેવસ્ય ધી મહિ ધિયો યોનઃ પ્રચોદયાત ॥

અર્થ—જે પરમેશ્વર પ્રાણ આપનાર, દુઃખોથી બચાવનાર, ચેષ્ટા કરાવનાર, સૃષ્ટિ કરતા છે, તેમની પુજનીય પાપનાશક જયોતિનું અમે ધ્યાન ધરીએ તે પ્રભુ અમારી બુધ્ધિઓને શુભ રાહ તરફ પ્રેરો.

પ્રકરણ બીજું.

જ્ઞાતિ ગૌરવ.

સુધારકો જ્ઞાતિને ઘણા વર્ષો થયાં જાગૃત કરી કહી રહ્યા છે કે "આપણી બેદરકારી અને ઢીલનો લાભ લઇ એ પ્રપંચી સતપંથના કુટીલ કાંધીઆઓ (કાકા, સૈયદો) પોતાના દાવપેચ અને કાવાદાવા આગળ વધારતાજ જાય છે અને પોતાની જાળમાં આપણા ભોળા ભાઈઓને, સેવકો બનાવી અજ્ઞાનતામાં વધારે મજબુત રીતે જકડી રાખવા અનેક છળ ભેદ ભરી યુકિતઓ કરતાજ રહ્યો છે. બનાવટી ચમત્કારો બતાવીને, બેહસ્તની ખોટી લાલચો આપીને તેમજ જાહેર કે આડકતરી રીતે લાંચ–રૂસવત વડે દેશના ગઢેરા અને મુખી લોકોની મારફતે દબાણ ચલાવીને, તેઓ પોતાના હાલ દિવસે દિવસે તુટવા લાગેલા આકડાના માંડવાને–સડેલા વાંસના તકલાદી ટેકાઓ આપી રહયા છે.

(૧૨)

આપણા આગેવાનો.

(જળમાં રહેતાં એ રાહ-)

કર્યું કોઇનું ન વાર્યું રે, આગેવાને ઉંધુ વાળ્યું રે....ટેક
ધર્મ અધર્મ ને નીતી અનીતી ને, ન જાણ્યો ન્યાય અન્યાય
ગઢેરે ગોટા વાળ્યા ઘણેરા પેસીને કુપંથ માંય;
મુળ ધુળ કરવા ધાર્યું રે....આગે
પ્રાચીન ધર્મ ન આર્યોને જાણ્યો, છોડયા સનાતન ગ્રંથ;
હુરાંઓ વરવાની આશા રાખીને પાળ્યો પીરાણા પંથ,
કુપંથનું કારય સાર્યું રે....આગે
ધતીંગ પંથમાં નિશ્ચે પેઠા ન મળે નામ નિશાન;
પશુ પેઠે પુરોઇ વાડામાં ભુલી ગયા જ્ઞાતિ ભાન,
કુડા કર્મે કુળ લજાવ્યું રે.....આગે
પાસે રહી પાખંડ પળાવ્યું મુકી સનાતન ધર્મ,
કંઇક કરાવ્યા છુટકા છેડા છોડવી કુળની શર્મ;
કલંકીત કુળ કરાવ્યું રે....આગે
ભણુતર ભાળીને દુરજ નાઠા રાખ્યા અતી અજ્ઞાન;
કાકાને સઇદો એ થકી ફાવ્યા જાણી અભણ હેવાન,
વિધ્વતાનું મુળ વિદાર્યું રે....આગે
બાળ લગ્ન મહીં મગ્ન બનીને પરણાવે પશુ સમાન;
શરીર સત્ત્વ નષ્ટ થયેથી ન મળે કુળ નીશાન;
સુધારકોએ પોકાર્યું રે...આગે

મોટેરાં માન દઈ લોકાંને કરાવ્યાં પ્રેત ભોજન;
ભાઈ આગેરા ભેગા કરાવી જમાડયા ગીધ સમાન;
ગરીબોનું ખાઇ ખુટાડયું રે....આગે
સાચી સીખામણ આપવી તે તે. ધર્મ ગુરૂઓનું કામ;
જ્ઞાન તો તેનું પડયું ચુલામાં કાઢવા તત્પર હામ;
કાકાએ કુળ લજાવ્યું રે....આગે
પુર્વેના કાંઇ પુણ્ય બળેથી જાગ્યા ઉત્સાહી બાળ;
સંગઠન કરવા મહેનત કરતા લીધી શુધ્ધિ સંભાળ;
સત્યતાનું શસ્ત્ર ધાર્યું રે....આગે
દાસ "વેલો" કહે કૃપા થઇ પર્મ પિતાની સાક્ષાત;
કુબુધ્ધિ કાપીને સુબુધ્ધિ આપી સુધારવા જ્ઞાતિ ભ્રાત;
શરણુ એક વિભુ ! તમારૂં રે....આગે

"પીરાણા સતપંથ" નો જુલમ !

ઓ જ્ઞાતિ યુવાનો! "એ બધા પ્રપંચો હજુ સુધી આંખો સ્હામે જોઇ સહી રહયા છો એ કેટલી બધી અફસોસની વાત છે? યુવાન મીત્રો! તમારી ધર્મ ભાવના, તમારી લાગણી અને તમારા નિશ્ચયનું આત્મિક બળ કયાં લુપ્ત થઇ ગયું? તમે આ ઠગાઇ અને જુલમ હજી કેમ સહન કરી રહયા છો? એ ઢોંગીઓ (આગેવાનો) તમારી પાસેથી ટેક્સ (લાગા) લીધા વીના, તેમજ તેમને તન મનથી ભ્રષ્ટ કરનારી મલીન અમીની ગોળી (!) પીવરાવ્યા વીના રહેતા નથી. પશુઓ પણ ન વેઠી શકે, એવો ત્રાશ તમારા ઉપર તેઓ વરતાવી રહયા છે અને તમે મુંગે મ્હોંડે સહન કરી રહયા છો એ કેવી દુઃખની વાત છે?"

"એટલુંજ નહિં પણ વેદની જગજાહેર રીતે ઠઠા મશકરીઓ કરીને; વેદને નામે સૌયદો, પોતાના મરી ગએલા પીરોની વંશાવળીના કલ્પિત કલમા અને દુવાનું ક્યુંબર પઢાવી રહયા છે, સતપંથની સંધ્યા, સતપંથની પુજા, ગાયત્રી, જપ વિગેરે વિગેરે હડહડતાં જુઠાંણાં ચીતરી કહાડી, તેમને ધર્મ વિધિ અને ધર્મ પુસ્તકો તરીકે ધુસાડી દે છે અને ઘટપાટ તેમજ એવીજ બીજી કુટીલ ક્રીયાઓ કરાવી, નિર્લજ નફટાઇથી આપણને પણ નકટા બનાવીને, જગતની હાંસી અને નિંદાને પાત્ર ઠરાવે છે; જેથી આપણા ભાઇઓ ઠામ ઠામ હડધુત થાય છે. એ શું ઓછી સરમની કે અફસોષની વાત છે? ચેતો, ચેતો, વ્હાલા બંધુઓ! એ ભયંકર પાપની ફાંસીમાંથી હવે તો પ્રભુની ખાતર અને જ્ઞાતિ માતા તથા પુણ્ય ભુમિ ભારતમૈયાંના હિતની ખાતર છુટા થાઓ. તમને એક પળવાર પણ એ પંથ નજ શોભે."

(૧૫)

(હરિગીત છંદ:)

જેને ન જ્ઞાતિ બંધુઓનાં સુખ દુઃખનું ધ્યાન છે;
જેને ન પ્રાચીન પુર્વજોની કીર્તિનું કંઇ ભાન છે.
જેને ન જ્ઞાતિ દીનતાપર શ્રેય થવા શુભ જ્ઞાન છે;
જેને ન કંઇ સંસારમાં નિજ જ્ઞાતિનું અભિમાન છે.
જેને ન નિજ ગૌરવ અને નિજ જ્ઞાતિ હિતમાં માન છે;
તે નર નહિં આ જગતમાં નર-ખર-પશુ જ સમાન છે.

(હિંદી ઉપરથી અનુવાદક મીત્ર.)

બંધુઓ

ગયું શું શૌર્ય જ્ઞાતિનું ગુલામો શું થવા માગો !
સ્મરીને કીર્તિ પુર્વજની "પીરાણા પંથ" ને ત્યાગો.
પરાધિનતાની પીડાને સ્વીકારો ના તમે વીરા !
ઝઝુમો ધર્મને માટે કરો પાખંડના ચીરા.

આર્ય—હિંદુ આપણે તે જાતિનો દાવો કર્યો;
છતાં પુજતાં શું કબ્રને એ દાખલો ક્યાંથી ગ્રહ્યો?
જાગી, સમજો ત્યાગજો જે મુંઢતા પોતા તણી;
વળો પ્રેમથી સતમાર્ગમાં ભાવે ભજો જગનો ધણી.

આપણી જાતિ હમેંશાંથી સદા શુરવીર છે;
ધર્મ માટે જીવન દેનારા મહા રણધીર છે.
એજ આપણા જ્ઞાતિ ગૌરવ ઉચ્ચ ઉજવળ નીર છે;
તે નીર નિર્મળ રાખવા અર્પણ કરી દયો શીરને.

જ્ઞાતિના ન્હે ચરણમાં અજ્ઞાનની જંજીર છે;
જટકાથી તોડી વછોડીને જવાનું દુર છે.
સુધારક બની રણજંગમાં બાથ યુવકો ભીડશો;
અસત્ય પડદો વિંધવા તિર સત્ય સત્વર છોડશો.

તે તીરથી છેદન કરો મદ, કામ, ક્રોધ, અહંકારને;
વિક્ષેપ કરતા દુષ્ટ દુર્ગુણ દુર કરો અંધકારને.

અનુભવ થકી ભાઇ! ભજો પ્રભુ જગત પોષણહારને,
બળ, બુધ્ધિ એથી મેળવો કરવા સદા કલ્યાણને.

સ્વજાતિ જ્યારે આપણી વિદ્યા ગ્રહિ આગળ થશે.
દુષ્ટ રૂઢીથી સદાયે છુંટી તવ તેતો થશે.
સદજ્ઞાનના અનુશીલનથી તમ કાંયે અદ્‌ભુત દિસસે,
સ્વમીત્ર તત્વ મહાન જાણી જગતે જીવન જીતશે.

જે ધર્મ માટે હરિશ્ચંદ્રે વચનની ટેક રાખી છે;
તે ધર્મ માટે પ્રહલાદને પ્રભુએ સ્હાય આપી છે.
મીરાંએ પીધેલું ઝેર અમ્રત પળમાં કર્યું જેણે;
તે નાથના ચરણે જવું છે આપને શરણે.
ભક્તાધિન ભુધરો બ્હાર તે કરનાર છે;
ધ્રુવ પેઠે અચળ કીર્તિ આપણી કરનાર છે.

પ્રકરણ ત્રીજું.

—હરિગીત છંદ.—

કુળ, કુખ, કીર્તિ કોમની જે છે યશસ્વિત આપણી;
પણ કોમના દુર્ભાગ્યથી આજે બની દુર્બળ ઘણી.
આર્ય ઉજવળ કીર્તિ પ્રાચીન આપ સૌ ધારણ કરો;
કીર્તિ જગે પ્રગટાવવા આદર્શનું ગૌરવ ધરો;
સમાજ હિતમાં જીવનની પરવા જરી ના! ના! કરો;
છંદ—સુખ દુઃખના સમે નીજ ધૈર્યતા ધારણ કરો.

એ વ્યકિત જીવન તુચ્છ છે.

પ્રીય જ્ઞાતીમાં લઇ જન્મને ના શ્રય કર્યું કંઇ જ્ઞાતીનું;
જ્ઞાતી હીતેચ્છુ ના બન્યા તો એ જીવન પણ તુચ્છ છે. (૧)
દુઃખમાં રીબાતી જ્ઞાતીને સુખીઆં થવા કંઇ ના કર્યું;
જો જ્ઞાતી દુઃખ ટાળ્યું નહીં તો એ જીવન પણ તુચ્છ છે (૨)
સદમાર્ગને જાણ્યા છતાં જો ના કહ્યું જ્ઞાતિ હિતે,
એ માર્ગ બતલાવ્યો નહિં તો એ જીવન પણ તુચ્છ છે. (૩)
કંઇ યુકિતથી મુક્તિ થવા સમજી શકયા સદબુધ્ધિથી,
બુધ્ધિ છતાં બોલ્યા નહિં તો એ જીવન પણ તુચ્છ છે. (૪)
શકિત છતાં ના કંઇ કર્યું નીજ કાર્ય ફર્જ અદા થવા.
નિજ શકિત સાબિત ના કરી એ વ્યકિત જીવન તુચ્છ છે. (૫)

(મીત્ર)

(૧૯)

જીગરનિ જવાળા.

—હરીગીત છંદ.—

મુજ બન્ધુ બ્હેન ભુખ્યાં રુવે, કંઇ નગ્ન બાળક આથડે,
પોકાર ઘરઘરથી ઉઠે, પકવાન કેમ મને રૂચે?
મધ્ય રાત્રીએ ભર નિંદમાં ભણકાર મુજ શ્રવણે પડે;
જ્યાં જોઉં ત્યાં દુઃખને ગરીબી શયન કેમ મને રૂચે?
દીન હીન મુજ ભાંડુઓ લુખું શુકું જ્યમ ત્યમ જમે;
પશુ સાથ પોઢે કોઢમાં ઉપભોગ કેમ મને રુચે?
તિમિર ઘન અજ્ઞાનના, ઓથારથી મુર્છીત બની;
મુજ દેશ આખો જો ઉંઘે, બુધ્ધિ વિલાસ કયમે રૂચે?
અપમાન ગાળ સહી સહી, "કાફર" "ગુલામ" હીણા કરી;
મુજ બન્ધુઓ જડતા ધરે તપ ધ્યાન કેમ મને રૂચે?

(પટેલ બન્ધુ)

પીરાણાનો સડો દુર કરી, આપણા ધર્મદા.

નાણાનો જ્ઞાતિ હિતે સદુપયોગ કરો.

સૈયદ ઇમામશાહ અને પીરાણાની કબ્રપરસ્તોની મીલ્કત ના વારસ શૈયદોએ દુષ્ટ મનોવૃતિથી સ્વાર્થ સાધવા મટિ મન ઘડીત ધતીંગ ગોઠવીને તેમાં આપણને ફસાવી આપને ગુજરાત વાસી પ્રીય જાતીથી અલગ કરી દીધા છે. અને આર્ય જાતીરૂપ પ્રાચીન ઇમારત, કદાપી કાળે તુટે નહીં એવો ઋષિઓએ બાંધેલ આદર્શ સિધ્ધાંતોની સ નતાનો પ્રાણી માત્રનો રક્ષક અભેદ કીલ્લો છે તે કીલ્લાને જર્જરીત કરવા દંભી સૈયદોએ ધુળની મુડીઓ ઉડાડી, આપણા ભાઇ ઓને ભરમાવીને કાબુમાં રાખવા કારસ્થાન રચ્યું છે; રચે છે. પરંતુ પીરાણા પંથનો પાયો સ્વાર્થ અને કપટ રૂપી જમીનમાં સત્યની કોંક્રેટ કર્યાં વીના, બીરતની પચાસ હુરા આદિ પાંચસો છોકરાઓના રંગબેરંગી ખુશનુમા લાલચોની ધુળ ઉપર અડાવેલ છે તે ખીચડીઆ પંથની ઇમારતને ફડડભુશ કરી જ્ઞાતિથી નીર્મૂળ કરવા માટે નારાયણજી જેવા અનેક નવયુવાનો, સત્યરૂપી અભેદ કીલ્લાના બુરજ ઉપર ઉભા રહી વીર ગર્જના કરી રહ્યા છે તેથ'જ પીરાણીઆ ઓના કીયામતનો પાપી કુંભ ફુટવાથી પેટભરૂ સ્વાર્થ ફુટી ગયો,

જ્ઞાતિનો. કેશરી

(હરિગીત છંદ,)

નીજ જ્ઞાતીમાં દીનકર થયા હિતકર પ્રકાશ કરી
સુખકર સુમાર્ગ બતાવીને દુઃખ ટાળવા તત્પર થયા,
અતિ દંભના છળ કપટ ભેદ પ્રચારને અળગા કર્યા;
ધરી હામ આગેવાન આ નરવીર નારાયણ થયા. (૧)
તન, મન અને ધનના અતિ અમોલ ભોગો આપતા;
ચાહોમ કરી આગળ ધસ્યા નીજ કોમમાં હીત સ્થાપતા,
નરરત્ન એવા જ્ઞાતિ માટે કંઈક સંકટને સહ્યાં;
ધરી હામ આગેવાન આ નરવીર નારાયણ થયા. (૨)
કીર્તિ કરી વિખ્યાત વાત વિશુધ્ધ જેની સર્વદા;
અજ્ઞાનીઓને બોધ દઈ નીજ સત્ય રાહ બતાવતા,
કં કષ્ટ દાંભીક ઝાળને છીન્ન ભીન્ન ખુબ કરી રહ્યા;
ધરી હામ આગેવાન આ નરવીર નારાયણ થયા. (૩)
ધરી દાઝ પારાવાર નીરખી અવદશા નીજ કોમની;
આગળ વધારી જ્ઞાન દઈ કૃતિ શાન્તિથી કરી શોમની,
ફુળદાઈ માન પ્રયત્ન ભગીરથ સર્વથા શું કરી કહ્યાં;
ધરી હામ આગેવાન આં નરવીર નારાયણ થયા. (૪)
મસ મૌજીની કંઈ સ્હાયથી ઉદ્‌ગાર કાવ્ય વિષે રહ્યા;
સેવક સદા ઉત્સુક આપ પ્રબોધ વાકય દિલે ગ્રહ્યા,

"પુંજો" કહે! મુખ ધન્યવાદ અપાર સહુ સજ્જન કહ્યા;
ધરી હામ આગેવાન આ નરવીર નારાયણ થયા.(૫)

સુધારકો જ્ઞાતિ હિત માટે બહુ પ્રકારે ભાઇઓને સમજાવી રહ્યા છે. છતાં પણ ફરજીઆત કર ઉઘરાવવા માટે ગરીબ બંધુઓનાં ભુખ્યાં બાળકો રોતાં કકળાતી, રક્ત શોષાવી ને ભેળાં કરેલ નાણાને ધર્માન્ધ આગેવાનો, મુખીઓ અને પટેલોએ, સૈયદ ઇમામશાહની પીરાણાની નગીના ગોમટીમાંથી આગલા ભવમાં એકના સહસ્ત્ર ગણાં નાણાં મેળવવા, સૈયદોએ લાલચ આપેલ ભીસ્તીની હજારો હુરાઓ વરવાની ભ્રષ્ટ તૃષ્ણાથી પીરાણે મલેચ્છ સૈયદો અને કુટીલ કાકાઓને રંગ રાગ ઉડાવવા દશોંદ આદી નાણાં આપી, પુન્ય કમાવા માટે લાખો કોરીઓ દર શાલ પીરાણે મોકલે છે.

બંધુઓ! તમોએ પરસેવાનાં રક્ત બિન્દુઓ ટપકાવી ભેગાં કરેલ સ્વકમાઇનાં નાણાંની ધર્માદા રકમ હાથથી ગુમ થયાને ખેદ શું નથી થતો? પણ હવે જરૂર થવો જોઇએ. કારણ કે તે નાણાંથી દંભીઓ પોષાય છે અને તમોને ભોળવીને જડ બનાવી, ભ્રષ્ટ કરવાંની બાજી-રચે છે.

આજે સૌને વિચાર કરવાનો સ્વતંત્ર (સ્વફર્જ બજાવવા માં વિવેકપુરઃસર મશગુલ રહેવું.) સમય મળ્યો છે. માટે તે ધર્માદાનાણાનો જ્ઞાતિ ઉન્નતિમાં સદુપયોગ કરી લાભ લઇ શકીએ. તેથી ઉઘરાવેલ નાણામાંથી એક ત્રાંબીઓ કે પાઇ કુપાત્રો પોષવા નહિં આપો.

જ્યાં આજે કચ્છના ઘણા ગરીબ ખેડુત સ્વબંધુઓ, આપની બેદરકારીથી, નાણાંની મદદ વિના ભુખમરાની સ્થિતિ ભાગવે છે. નિરાધાર વિધવાઓ અને ગરીબોનાં બાળકો માથે હાથ જોવામાં આવે છે. અહા! વખત ઉપર પેટ પુરતું અન્ન મળવાના પણ જ્યાં સાંસા પડે છે! પરંતુ ધર્માંધોનાં તે નાણાં માથા ગરીબોને મદદ આપી આધાર કરવામાં પુણ્ય શું ઓછું સમજો છો? તો હજી પણ પીરાણે નાણાં મોકલી માતેલા સાંઢ જેવા ગોરોને પોષો છો. અહા! કેટલી બધી અજ્ઞાનતા!! એજ અજ્ઞાનતાથી આપણી જ્ઞાતિ ઝોલાં ખાઇ રહી છે. તે છતાં મુંગે મ્હોડે સહન કરી ફરજીઆત કર આપનારા, તે નાણાં ભેળાં કરનારા ધર્માન્ધ આગેવાનોના, વજ્ર સમાન અંતઃકરણમાં, ગરીબોનાં આર્થિક દુઃખો નીવારવા માટે કંઇ પણ કરૂણાજુ અસર થઇ નથી! જેઓ કાળા અક્ષરને કુટી મારનારા, અન્યાય અને પક્ષપાતથી જ્ઞાતિને દુર્દશાએ પ્હોંચાડનારા આપણા આગેવાનો શું હોઇ શકે? ઓ યુવક મીત્રો! આ વિષય પર પુર્ણ વિચાર કરી, અજ્ઞાન સમુદ્ર વચ્ચે ડુબવાની તૈયારીમાં ઝોલાં લેતી જ્ઞાતિ નાવને જ્ઞાનરૂપી કીનારે સુરક્ષિત પણે પ્હોંચાડનાર સુજાણ નાવીકો બનવા કમર કશો અને નઠારા રિવાજો, કઢંગા ખરચો બંધ કરી, કરાવી તેને બદલે બાળકોને કેળવણી માટે વિદ્યા વૃદ્ધિ ફંડ, જ્ઞાન પ્રચાર ફંડ અને વિધવા સ્ત્રીઓ અથવા નીરાધાર બાળક સંરક્ષક ફંડ વિગેરેમાં નાણાં ભરી, તેનો સદુપયોગ કરી કલ્યાણ સાધવા ચેતો, સવેળા ચેતી જવામાં શાર છે એ કાર્ય સત્વર હાથમાં લેવાથી જ્ઞાતિનો ઉધ્ધાર છે.

ઓ વડીલો! ઈશ્વરે તમોને સત્ય સમજવા સદ્દબુદ્ધિ આપી છે. માટે સુઅવસર છે જેથી સનાતન ધર્મ પાળીને, સર્વ ભાઇ, બ્હેનોને સત્યના પ્રવર્તક બનાવવાનું કાર્ય કરતાં પુજ્ય કહેવાશો.

ભલે ભેળાં કરો નાણાં.

—ગઝલ—

દશાંઉશ દાન દેવાને ભલે ભેળાં કરો નાણાં;
ગરીબનાં દુઃખ હરવાને ભલે ભેળાં કરો નાણાં. (૧)

ચણાવો કોમમાં શાળા ભણાવો બાળ ને બાળા;
સુવિધા અર્પવા કાજે ભલે ભેળાં કરો નાણાં (૨)

નિરાશ્રીત ભાઇ કે બેનો વચીનો હોય નહિં જેનો;
સુખાશ્રય સ્થપ દેવાને ભલે ભેળાં કરો નાણાં. (૩)

દુકાળો દેશમાં પડતા ગરીબો અન્ન વિણુ મરતા;
દુઃખાદિ દુર કરવાને ભલે ભેળાં કરો નાણાં. (૪)

કરો તલાવને ટાંકા પડે જ્યાં પાણીના ફાંફાં;
બનાવવા વાવને કુવા ભલે ભેળાં કરો નાણાં. (૫)

ગંગા સ્વરૂપ એ જ્ઞાતિ લીધો વાતો રૂદે છાપી;
"પ્રભુ"એ યાદી આ આપી ભલે ભેળાં કરો નાણાં. (૬)

પ્રકરણ ચોથું.

સ્વામી રામતીર્થે આપેલો સદુપદેશ.

"આપણું હિંદુસ્થાન પ્રાચીન કાળમાં જ્યાં હતું ત્યાંનું ત્યાંજ અત્યારે પણ છે; જે વખતે આખી દુનીઆમાં તેમની કીર્તિ પ્રસરી રહી હતી. ઐશ્વર્ય દેશ કિંવા મનુષ્ય પર આધાર રાખતું નથી. (જેઓ સનમાર્ગે ચાલે છે ત્યાં સુધીજ તેમનું ઐશ્વર્ય નભી રહે છે.) ભાઇઓ! 'રામ' ત્હમારો છે અને ત્હમે "રામ"ના છો. પુર્ણ પ્રેમથી મ્હારી પાસે આવો. હું જે કંઇ કહેવાનો છું તે પ્રથમથીજ કહેવાનો છું. પરંતુ માફ કરજો! હું તમારી ખુશામત નહિં કરૂં. (પ્રેમને ખુશામત ગમતી નથી.) 'રામ' જાપાન ગયો હતો. અમેરીકામાં હતો. યુરોપના કેટલાક દેશો 'રામે' જોયા છે. પરંતુ જ્યાં જ્યાં ઉન્નતિ જણાય ત્યાં ત્યાં 'સત્ય' નું અસ્તિત્વ હતું. અમેરીકાએ જે ઉન્નતિ કરી છે, તે ધર્મ પ્રમાણે ચાલવાથીજ (ધર્મ કોઇએ ઇજારે રાખી લીધો નથી.) ગમે તે માણસ ધર્મ પ્રમાણે આચરણ કરી શકે છે. ધર્મ બે પ્રકારના છે; એક નગદ બીજો ઉધાર દાખલા તરીકે એક માણસે કેટલુંક ધન જમીનમાં દાટી રાખ્યું હતું. તે ત્હેના છોકરાએ જાણ્યું, ત્હેણે તે ગુપચુપ કાઢી લઇ વાપરી નાખ્યું અને તેટલાજ વજનના પથરાઓ એ ખાડામાં ભરી દીધા. કેટલાક દિવસ પછી તેના બાપે જમીન ખોદી જોઇ તો રૂપીઆ મળે નહિ. તેથી તે રડવા લાગ્યો

કે "હાય હાયરે ! મ્હારૂં ધન ક્યાં ગયું ?" છોકરો બોલ્યો "બાપા ! ત્હમે શા માટે રડો છો ? ત્હમારે તે વાપરવા તો હતાજ નહિં, રાખી મુકવાના હતા. તો આ પથરાઓ પણ તેટલાજ વજનના છે. વળી તે પણ રાખી શકાશે.

અસય નિહાહન ચ સંગો ચ જર.

અર્થ—રાખી મુકવાંજ હોય તો પત્થર અને સુવર્ણ સરખાંજ છે. જુદા જુદા ધર્મો વચ્ચે જે જગડા થાય છે તે સર્વ નગદ ધર્મને લીધે નહિં પણ ઉધાર ધર્મને લીધે થાય છે. નગદ અથવા રોકડો ધર્મ તો એજ છે કે, જે મરણ પછીની નહિં પણ આ જન્મનીજ ચિંતા રાખે છે. ઉધાર ધર્મ અંધ શ્રધ્ધાનો છે. અને નગદ ધર્મ દ્રઢ વિશ્વાસનો છે. ઉધાર ધર્મ લોકોને કહેવાનો છે અને નગદ ધર્મ આચરવાનો છે. ધર્મનો જેટલો રોકડ ભાગ છે તેને માટે સર્વ ધર્મોનો એકજ મત છે (ખરૂં બોલવું, શાસ્ત્રોનું અધ્યન કરવું અને તે પ્રમાણે ચાલવું, અહંકાર અને સ્વાર્થી વૃત્તિથી દુર રહેવું. પરધન અને પરદારા જોઇને મનમાં મલીન વાસના ઉત્પન્ન થવા ન દેવી, જગતની લાલચો અને ધમકીઓના જાદુમાં ફસાઇને, આપણા મુળ સત્ય સ્વરૂપને વિસરી ન જવું. મન દ્રઢ અને વૃત્તિ સ્વતંત્ર રાખવી, એ નગદ ધર્મ વિષે કોઇ ભિન્ન મત ધરાવતું નથી."

પીરાણા પંથનો [illegible]સ્તની દુઆઓના મોહપર રચેલ પાયો.

અવલથી કરી આજ પર્યંત આખી સૃષ્ટિમાં પ્રાચીન

વૈદીક સનાતન ધર્મના આદર્શ સિધ્ધાંતો માન્ય છે. તેનાથીજ જગતની ઉન્નતી છે. " *ભુત ભવિષ્ય અને વર્તમાનમાં જે થઇ ગયું, થશે અને થાય, છે તે બધાનો જાણનારો ઈશ્વર છે. સઘળા જગતને પોતાના જ્ઞાનથી રચે છે, પાલન કરે છે અને લય કરે છે. સંસારના સઘળા પદાર્થોનો સ્વામી છે. જેનું સ્વરૂપ સુખ છે અને જે મોક્ષને તથા વ્યવહારીક સુખને આપે છે, સર્વથી જ્યેષ્ટ એટલે રહેલો એવો જે પરમાત્મા છે તેને નમસ્કાર કરીએ છીએ." ઈશ્વરનું એવું ઉત્તમ જ્ઞાન આપણા પ્રાચીન પુર્વજ ઋષિઓ અનુભવતા હતા. અર્વાચીન સમયમાં પણ પુજ્ય વિદ્વાનો ઈશ્વરના દિવ્ય જ્ઞાનથી પરિપુર્ણ વેદવાણીનાં સત્ય સિધ્ધાંતોને ધર્મ પ્રાધાન્ય ગણી, સ્વલાભ અનુભવે મેળવી સ્વજાતી, સ્વદેશ અને જગતની ઉન્નતિ માટે આર્યસંસ્કૃતિનો પ્રચાર કરવા બહુ બહુ પ્રયત્ન કરી રહ્યા છે. તે પવીત્ર વેદમંત્રોચ્ચારનો ગુંજાર કરી જીવનમાં અનુકરણ કરનાર પવિત્ર જાતિના એક અંગ રૂપે આપ છો. છતાં પણ આજે સ્વાર્થીઓના પ્રપંચી મતમાં ફસાઇ રહયા છો! એજ દુઃખોદ્દગાર જગત આજે વિદ્યુત વેગે સુધારામાં ગતી કરી રહ્યું છે. ત્યારે આપણે પોતાની જાતિ અને ધર્મરક્ષાનો વિચાર પણ નહિં કરતાં અરે! પ્રપંચી કુપના ઉધાર–વાયદાના પંથમાં પડીને સ્વરૂપ ભુલી ગયા! વાયદો એજ કે દેશાંદઆદ લાગાઓ રૈયદોને આપતા જવાથી દરેક પીરાણાપંથીને મરી ગયા પછી. "+ભીસ્તમાં પચાશ હુરાઓના રંગરાગના ભોગ મળશે." બંધુઓ! એ ભ્રષ્ટ રોચક અને કલ્પિત લાલચોથી અંતે મોક્ષ અથવા શાન્તિ મળનારી નથી માટે–

ભીસ્તની હુરાઓના વાયદાની હુંડી દશોંદભરીને ખરીદવા કરતાં એ ભ્રષ્ટ તૃષ્ણા તજી દો

આ સ્વર્ગમય સંસારમાં પોતાની અર્ધાંગના સાથે પતિવ્રતના અટુટ પ્રેમના વિશુદ્ધ સ્નેહથી સંસાર સુખરૂપી અમૃતને, માનવ જીંદગીમાં ભોગવ્યાની અનુભવ્યું છે. તેમ બીજા પણ અનેક વૈભવો ભોગવ્યા છતાં, તે વૈભવોથી તૃપ્તિ ન થઇ! જેથી વધારે વિષરૂપી વિષય માટે મરી ગયા પછી "ભીસ્તમાં પચાશ હુરાઓ સેવામાં હાજર રહેશે, ત્યાં વળી પવીત્ર દારૂ પીવા મળશે." એ કનીષ્ટ તૃષ્ણાની રોચક વૃત્તિ રાખી પીરાણાપંથ પાળો છો! બંધુઓ! અફશોષ!! પીરાણા કબ્રસ્તાની પંથ પાળવાનું અંતીમ ધ્યેય તો એ જ કે ભીસ્તીમાં હુરાઓના વિલાસી ભોગ? અહો! તમો જે આશામાં ફશેલા તે "÷ ભીસ્તને હશન બિન સબ્બાહે અલમોત ગઢમાં (એ ઇરાનના રૂદબાર પ્રાંતનો એક કીલ્લો હતો.) દાઇ શીદાઇઓ મારફતે ઇશમાઇલીઆ પંથનું કારસ્થાન ચલાવવા બનાવેલું હતું." તે વિલાસી ભીસ્તનું પુસ્તકમાં અવલોકન કરતાં હૃદય કમકમી ઉઠે છે! શું એ કલ્પિત ભીસ્તની તૃષ્ણાએ કરી દંભીઓના ચેલા બની દશોંદઆદિ લાગાઓ ભરો છો? અને સૈયદોની વંશાવળીના પાખંડી કલમા

---

* ભારત ધર્મ-સમીક્ષા પા. ૩ માના શ્લોકનો ભાવાર્થ.

× વાંચો ઇમામશાહનો રચેલ નકળંકી અ. પો. પા૦ ૩૫૦

÷ એદલજી ધનજી કામાએ રચેલ "હસનબિન સબ્બાહ ઉપર ઉડતી નજર" પા. ૨૭૩

પડો છો? તથા કબ્રપરસ્તી ગંદી ગોળી પીઓ છો? અને મુડદાં દફનાવો છો? ઓ કુર્મીક્ષત્રીઓ! તમોને એ નજ શોભે!! જે મતની અંદર ક્રીયા, કર્મનું ફળ એકાવન સ્ત્રીઓની સાથે વિલાસનું મળશે, તે પણ ભીસ્તમાં! અહો!! સ્વાર્થાન્ધતાથી ભોળાંઓને ભરમાવી, જડમતિના બનાવી, પ્રાચીન આર્ય સભ્યતાને નષ્ટ કરવાની દંભીઓની મમતની કુટીલતાને હવે તો કંઇક ચક્ષુઓ ખોલીને જુઓ. કારસ્થાની ભીસ્તના જેવા ભ્રષ્ટ વિલાસો જીવતે ભોગવનારની મોટી ખરાબીની મુશ્કેલી થાય છે, તો મરવા પછી પીરાણા ભીસ્તમાં હુરાઓથી વિલાસ ભોગવનારના અતિજ ખરાબી થવાની! મીત્રો! મરવા પછી કયું ભીસ્ત મળશે? "અલમોત ગઢવાળું ભીસ્ત" તો ભાંગી, ફીટી ગયું છે. કદાચ એવું અન્ય ભીસ્ત પીરાણાની કબરોની અંદર હશે! તો પણ ફુટડી (સુંદર) હુરાઓની સાથે રંગરાગના અપવીત્ર વસ્તુના ક્ષણીક ભોગો તો હશે? તે ભોગવતાં તો જબરી પતિત અવસ્થાએ પ્હોંચી જશો. વળી ભીસ્તમાં હમેંશાં ભોગો રહેશે. એવી ક્ષુદ્ર મમતા રાખો છો? તે ભ્રષ્ટ ભોગો (ગૈબવો) તમોને અનુચિત છે. તે સિવાય પરમાનંદ શાન્તિમય થવાનો જ્ઞાન યુકત ભક્તિ માર્ગ, તે વર્તુલ કરેલા પીરાણાપંથથી ઘણોજ દુર છે. તેથી મિથ્યા મોહની ભ્રષ્ટ કરનારી વાહિયાત વાતો મુકી દયો અને સ્વકર્તવ્ય શું કરવું જોઇએ તે માટે શાસ્ત્રોમાં કહ્યું છે કે:—

> अनित्यानि शरीराणी विभयो नैव शाश्वतः।
> नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्म संग्रहः॥

ભાવાર્થ—શરીરો નાશવંત છે; તેમજ વૈભવો પણ શાશ્વત નથી; અને મૃત્યુ નિત્ય પાસે રહેલું છે, તેથી ધર્મનો સંગ્રહ કર્યા કરવો.

માટે આ સ્વર્ગમય સંસારમાં સભ્યતાથી વિમુખ થઇ ભ્રષ્ટ ન બનો. કારણ કે, ' મરવા પછી ભીસ્તમાં બહુ જાતના અપરંપાર મેવા મળશે. હુરાઓ હાથમાં નુર (પાવળ અથવા અમી) નાં કચ્ચુલાં ભરી, બુદ્ધિહિન બનેલા વિષયના પીપાશુ હક ધર્મીઓને પીવરાવશે." પ્યારા મીત્રો! સત્યની તુલના કરવા કંઈ જુઓ! વિચારો અને સમજો!!! ક્યાં એ વિષયમાં લટ-બદ બનાવી આપને અધોગતિને માર્ગે લઇ જનાર, "સતપંથ" નો દાવો કરનાર મલેચ્છોના મલીન વિચારો? અને ક્યાં આદર્શ—બ્રહ્મચર્ય—પતિવ્રતપણાના ઋષિઓએ, આર્યશાસ્ત્રોમાં કહેલા ઉચ્ચ જીવન બનાવનાર આચાર, વિચાર અને શુદ્ધ સંકલ્પોના (ચીંતવન કરવાના) હિતકાર સિધ્ધાંતો? આ સ્વર્ગ-મય સંસારમાં એકજ સ્વપતિ સાથે, વેદશાસ્ત્રોની આજ્ઞા વિરૂદ્ધ, અનીયમીત વિષયના મોહથી બુદ્ધિ, બળની બરબાદી થતાં દુઃખ થાય છે અને પછી સુભ કાર્ય (પરમાર્થ-પ્રભુભક્તિ) કરવાનો વિચાર મનમાં સ્ફુરવો મુસ્કેલ છે. તો અહોહો! પ્રી (પતણ-ભાડું) લઇ ગોડીઆઓને, અતિશય પાપાચારી વિષયના છુટ માટે ભીસ્તે જવાનું સૈયદોએ સર્ટીફીકેટ આપેલું છે. માટ તેઓ તો હુરાઓથી વિખુટા નહિં થઇ શકે. બીજું સારૂં કામ પીરા-ણા ભીસ્તમાં શું હશે? કંઇજ નહિં ત્યારે તો ભ્રષ્ટતાથી બુધ્ધિહીન બની અધોગતિનો પારજ નહિ રહે. તે હુરાઓને

સંતાનો ઉત્પન થશે. તેને કપડાં આદિ અનેક વસ્તુઓ પુરી પાડવા ભીસ્તમાં કમાયાંજ કરશો? ત્યાં ધંધો શું અહીંના જેવોજ હશે? ના! ના!! કદીજ નહીં!!! સૈયદોના મત પ્રમાણે અતિ બદી ભરેલ કુકર્મો ભીસ્તમાં કરવાં હોય તો ભીસ્ત કહેવાયજ કેમ? "કાશીડા મેલ કરવત અને મોચીડાને મોચીડો." એ કહેવત પ્રમાણે પીરાણીઓનું ભીસ્ત તો હુરાઓના વિષય રૂપી અગ્નિની ઝાળથી પ્રજવલ્લીત થયેલ દોઝક હશે. માટે તમો આ સંસાર રૂપી માયા તરવા મારૂં કરી ઉનડા ઉલમાંથી નીકળી ચુલમાં ન પડો. તે ભીસ્ત સૈયદ અને કાકાઓનેજ મુબારક હો. જે પોતાના પ્રાચીન સત્ય ધર્મથી રહીત બની, અન્યને પણ અધર્મના ફંદે ચઢાવનારના, નરકાગારી ભીસ્તમાં વિષયના કીડા બની. કરેલાં કર્મની યાતના ભોગવવાના બુરા હાલ થવાની, શીક્ષા મળે છે. પણ તમો ભયંકર શીક્ષાથી બચવા માટે પ્રભુની ભક્તિરૂપી શાન્તિનું અમ્રત પીઓ અને અન્યને પીવરાવો.

"હુરાઓ વરશે" એવી ક્ષુદ્ર મમતા પીરાણા પંથનું કાંકણુ બાંધી રાખો છો? પણ કદાચ તમારી ધારણા પ્રમાણે તેમ હોય તો તમારી ધર્મપત્નીએ, સાંજ, સવારે અને ગુરુવારે "સૈયદ ઇમામશાહના અથવા પીરશાહ" ના નામની માળા ફેરી ફેરી થાકી ગયેલ છે. તેમને પણ ઇમામશાહના કહ્યા પ્રમાણે ભીસ્તમાં તમો પચાસ હુરાઓ વરશો તે માંથે "+ પટરાણી થવાનું માન] મળશે." બંધુઓ! પચાશ હુરાઓને ગુલામીમાં રાખી તમારી સાચી સ્ત્રી એવો જબ્બર હોદો ભોગવશે કહો તો ખરા હવે આદર્શ સિધ્ધાંત પતિવ્રતપણાનો તેને ધારણ

કરશો કે ઇમામશાહે દશોંદ્દઆદિ નાણું લેવા, પીરાણાપંથ પળા-વીને આશા દીધેલ નકોંગારી ભીસ્તમાં પયાશ હુરાઓ વરી ભ્રષ્ટ બનશો? હુરાઓ વરવાની તુચ્છ લાલસાથી મુરદાં છાડી, કબર પુજી ત્યાં રાંધેલ પ્રસાદિ ખાઓ છો? બંધુઓ! હવે તો એ કબ્રપરસ્તી અને :—

ભ્રષ્ટ ગોળાને ત્યાગો.

કપટ રચ્યો પીરાણામાંય પાઇ ગોળી, પીતાં અંતઃકરણની માંય લાગી
હોળી, હવે સનાતન સંભાળ. ટેક.

પાણા ખડકીને કબર બનાવી એક રાખીઉં શાર;
ઇરે શારમાં તેલ પડે તે બુડ બડી આવે બાર. પાઇ.
ધોળી માટીની ગોળી બને છે હુશેની એ દઇ ભાર;
એવી માટી તો કચ્છમાં જડે છે તેનો કરોને વિચાર. પાઇ.
ગોળી પીરાણે ગુપત બનાવે તેની શંકા નહિરે લગાર;
પી, પીને તો મુર્ખ થયાને બુદ્ધિ બગાડી અપાર. પાઇ.
અમુક વખતે થોડી ખપે પણ નીત ખપે છે અપાર;
જન્મ મરણમાં એજ ઓતતા ત્રીજી પેણ્યા વાર. પાઇ.
નારાયણજીએ 'પોલ' ખુલી છે ભ્રષ્ટ તે અપરંપાર;
ઘણાં કુટુંબે ત્યાગ કરી છે, ત્યાગો તમે આવાર. પાઇ.
ભુલ્યા ત્યાંથી ફેર ગણીને જાગો થઇ છે સવાર.
પ્રકાશરૂપી જ્ઞાન ગ્રહીને બનો ભાઇ! હુશીઆર. પાઇ.
ધર્મતત્વનું પાન કરીને રાખો આદર્શ આચાર;
'મનજી' સૌને વિનવી રહ્યા છે કરજો કંઇક વિચાર. પાઇ.

પીરાણાને માનનાર સ્ત્રીઓને, તો ભીસ્તમાં પચાસ શોખો તૈયાર થઇ રહેલી સામે છે. એટલે તેમને એ કુપંથ પાળવાથી કશો ફાયદોજ નથી. છતાં એ પીશાચી લાલચ માટે અપકીર્તિ વ્હોરે છે! શાસ્ત્રો કહે છે કે "સતી, સાધ્વી સ્ત્રીઓએ, કોઇ પણ મહાત્માઓને ગુરૂ કર્યાનું કંઇ જરૂરી નથી." તો પછી સ્ત્રીઓએ, દંભી સૈયદો અને કાકાઓને ગુરુ કરી, કલ્પિત કલ્માનો જાપ: કબ્રપરસ્તોની યાત્રા અને તેની માનતાઓ દિ પ્રપંચોમાં આથડવું કેમજ હોઇ શકે? જે પવિત્ર, સદ્ગુણ સંપન્ન સ્વસુર અને પિતૃકુળ તારક પતિવૃતાઓને, પરમેશ્વર સમાન પતિદેવની વિશુધ્ધ અંતઃકરણના પુલકિત પ્રેમથી ભકિતરૂપી નિત્ય પુજા કરવી. એવો શાસ્ત્રોનો ઉંપદેશ છે. માટે દરેક બ્હેનાંએ, સતી સીતામાના આદર્શ જીવનના ગુણો સમાન પતિ પરાયણ થવા, પતિના જીવન ઉત્કૃષ્ટતાના કાર્યમાં સુખે સુખી અને દુઃખે દુઃખી થતાં શીખશે. એજ બ્હેનો પ્રત્યે પ્રાર્થના છે. મ્હારે તમોને એટલુ તો અવશ્ય કહેવુંજ છે કે. સમાજ અથવા જ્ઞાતિ સુધારવા માટે જેટલું પુરૂષોનુ કાર્ય છે, તેટલુંજ કાર્ય તમારે કરવાનું છે. તમારા હિસ્સાનું કાર્ય જ્યાં સુધી નહિં કરો ત્યા સુધી ઉન્નતિમાં ખામી છે. જેથી સંતાનોને ઉત્તમ કેળવણી આપી સમાજને આગળ વધારવાની તમારામાં જબ્બર શંકિત છે. જ્ઞાતને અજ્ઞાનતાના દુર્ગમાંથી મુકત કરવાર્થે સુધારા સમરાંગણમાં રણજંગ ખેલે એવા વીર સંતાનો બનાવો. કવીએ કહ્યું છે કેઃ—

"જનની જણ તો ભકતજન કાં દાતા કાં શુર;
નહિં તો રહેજે વાંઝણી મત ગુમાવીશ નુર."

કૌશલ્યા, સુમીત્રા અને સુભદ્રા આદિ પુજ્ય માતાઓએ શ્રી રામચંદ્ર, શ્રી કૃષ્ણુચંદ્ર, લક્ષ્મણ અને અભિમન્યુ, શિવાજી અને પ્રતાપ જેવા સંતાનોને જગતના રક્ષક બનાવવા વીરતાનું આદર્શ શીક્ષણ આપ્યું હતું. એવી બીજી અનેક ભારતની રમણીઓએ, પોતાના સ્વામીને ધર્મયુધ્ધમાં જતાં, પોતાપરનો મોહ મનમાં આવતાં યુધ્ધથી પતિ પાછી પાની ન કરે તે માટે મસ્તકો કાપી જીવનના બલીદાન આપ્યાં છે. એજ પ્રાચીન ***માતાઓનાં*** જીવનનાં અદ્‌ભુત કાર્યના ગૌરવનું રક્ત તમારી નશોમાં ઝપાટાબંધ વ્હે છે. માટે તે સ્વરૂપ પ્રગટાવી સંતાનોને આદર્શ કેળવણી આપી વીર બનાવો જેથી સર્વનું કલ્યાણ થાય.

—દોહરો—

વિદુષિ માતા જો હશે, પુત્ર થશે વિદ્વાન;
શિક્ષણ આપે પુત્રને, થશે ખરે ગુણવાન.
એક સુર્યના ઉદયથી ટળે વિકટ અંધકાર;
એક સુલક્ષણી સુતથી થાયે જગ ઉધ્ધાર.

(મીત્ર)

પ્રિય બંધુઓ! તમો આજથી ઉઠો! જાગો!! એ ભીસ્તની હુરાઓ વરવાની તૃષ્ણા આપને માનવી સમાજથી પદભ્રષ્ટ કરનાર છે! માટે સ્વહિત જેનાથી થાય, તેનો વિચાર કરવા સારૂં સજ્જન પુરૂષોના સતસંગ દ્વારા જ્ઞાનનો અનુભવ મેળવીને, દાંભીક મતના પુસ્તકોમાં લખેલા કલ્પિત કલમાઓ અને આપણા પુર્વજોને, પવિત્ર તિર્થોને સ્વાર્થાન્ધતાથી

નીંદનાર ઇમામશાહની રચેલી દશ અવતારની પ્રપંચી વાતો ત્યાગો અને શ્રી રામચંદ્ર આદિ પુજ્ય પુર્વજોના સદગુણના સાચા ઉપાસકો બની, પતિવ્રતપણાના આદર્શ અને અટુટ સ્નેહથી "સંસારમાં સાચું સ્વર્ગ બનાવો." અને પ્રભુ ભક્તિના માર્ગે વળી સ્વજીંદગી નિર્ભય કરો.

દંભીઓના પગ પુજવા છોડી દયો.

પીરાણાનો કાકો રામજી, કચ્છમાં ગામો ગામ ફરી શીરબંધી ઉઘરાવીને તે આપણાં ધર્માદા નાણાંથી દંભીઓને પોષશે, પોતે મોજો ઉડાવશે. સાધુ બનવા છતાં પરાયું ધન હરવાની મોહવૃત્તિ-તવાળાઓને સાધુ ધારી પ્રભુ તુલ્ય સમજીને તે પાસેથી રિદ્ધિ મેળવવા અર્થે, ઘરોમાં પગલાં દેવરાવી તેઓના ચરણમાં નાણાંની ભેટ ધરવી આપને અયોગ્ય છે, કેમકે ત્યાગી છતાં સ્વાર્થ માટે ધન એકત્ર કરનાર દંભીઓ, પુજ્ય નજ હોઇ શકે. તો પછી સૈયદો તમારા પુજ્ય કેમજ થઇ શકે? અને તેઓ પાસે કાન ફુંકાવીને કુપાત્રે દાન આપી પાપના ભાગીદાર બનો છો આદિ સર્વ પ્રપંચો, સત્ય સ્વધર્મ વિરૂદ્ધ છે, કેમકે ગૌભક્ષક યવનો તમારા ગુરૂ નજ હોઇ શકે. તમોને પૂછું છું કે, સૈયદો શું તમારા ગોત્રના છે? કે તમારી જાતિના છે? અથવા એનાં અને તમારાં ધર્માચરણો એક છે? તે પણ નથી. તો હવે એઓના સાથે તમોને શો સબંધ છે? કે જેથી એ દંભીઓના પગ મુકતા નથી? પણ સમજવામાં નથી આવતું કે તમારી બુધ્ધિ પરે શું થઇ ગયું છે? એ ધુર્ત-બાજોને પોષવા માટે નીર્થક નાણાં ગુમાવ્યાથી જ્ઞાતિના ભુખ-

મરાની સ્થિતિને વધારે પોષણ મળે છે. તો એવા અન્યને ધોખો દઇને ધન હરવાની લાલશા વાળાના પગ ચાટવા છોડી દઇને ચૈતન્ય સ્વરૂપ, સર્વેશ્વર, સર્વશક્તિમાન એકજ પર્મ પિતાના જ્ઞાનરૂપી વેદવાણીના આનંદમાં મસ્ત બની શાન્તિ મેળવો. તેનું સાધન પ્રાચીન ઋષિઓએ, જંગલોમાં યોગરૂપી શકિતથી અદ્દભુત વિચારોના પ્રવાહો ચલાવીને, કરોડો વરસ થયાં બતાવ્યું છે. એજ ઋષિઓના આદર્શ જીવનનું અનુકરણ કરનારા! પાખંડોમાં ફસાયા તેનું કારણ એકજ અવિદ્યા છે. તે અવિદ્યા અંધકારને દુર કરવા અજ્ઞાન વૃત્તિરૂપ ભોંયરામાં મ્હોટા મશાલથી પ્રકાશ કરીને એટલે બ્રહ્મ વિદ્યા મેળવવાની જરૂર છે. જેથી અવિદ્યાનું અંધારૂં સત્ય ધર્મના આદર્શ સિધ્ધાંતોની કેળવણીને લીધે ચુંકે ચાં કયાં શીવાય દુર ચાલ્યું જશે. હૃદયાકાશમાં અનુભવના દિવ્ય જ્ઞાનરૂપી સુર્યનો પ્રકાશ થતાં અજ્ઞાન અંધકારને રહેવાનો અવકાશ નથી.

—હરિગીત છંદ—

મમ બંધુઓ! વ્હેલા ઊઠો પ્રમાદ ઊંઘ ત્યાગી કરી;
કોમની બુરી દશા કરનારને છોડો વળી.
પ્રમાદ પડળો જ્યાં લગી છેટાં થશે નહિં નેત્રથી;
ત્યાં લગી સાચા ઉપાયો કોયદીન્ મળતા નથી.
પ્રમાદ પડળો દુર કરી હિત સાધવા નીજ કોમનું;
હથિઆર ગ્રહી કર સંપનું મુળ દુર કરો કુસંપનું.
સમય સરતો જાય છે, વાતો કર્યાથી શું વળે?
"યુવક" હિતનાં કાર્ય કરી લે હોય કરવા આ પળે.

જ્ઞાતિનું હિત થવા "પ્રીતિધ્વજ" ના ઠરાવો છપાવનાર વડીલોને નમ્ર સુચના.

વીશ વર્ષ થયાં નારાયણજીભાઇ, જ્ઞાતિ હિત માટે ફર્જ બજાવે છે. વડીલો! તમોએ ઠરાવો બ્હાર પાડયા છતાંય, દંભીઓના ભય અને પોતાના મનના મિથ્યા વ્હેમથી ભોળા ભાઇઓ, આપણી જ્ઞાતિનું આદર્શ ગુમાવી રહ્યા છે. તેવાઓને સત્ય સમજાવા ચળવળ કેમ કરતા નથી? "પીરાણાના પ્રપંચો" ને જ્ઞાતિથી દુર કરવાનું સુકાન હાથમાં લીધાથી નવયુવાનોના જેવો ઉત્સાહ ધારણ કરવો જોઇશે. "જે નીંદ્ય રિવાજોથી નિર્દોષ બંધુઓ, ધર્મનાશના ભયંકર માર્ગના અંધકારમાં ભમી રહેલા છે તેમને પાછા વાળો અને તેમને આંગણે આંગણે પવિત્ર વેદોનાં ગીતા જ્ઞાન ગાજી રહે, તેમને બારણે બારણે પ્રભુનો પવિત્ર સંદેશો સંભળાય, પ્રત્યેકના ગ્રહોમાં પરમાત્મા નો પવિત્ર પ્રકાશ પ્હોંચે કે, જેથી તેઓ ચેતી, જાગીને સાવધ બની. સર્વનાશના માર્ગમાંથી પાછા ફરી ચીરસ્થાયી શાન્તિમય પવીત્ર માર્ગના પ્રવાસી બને." તે માટે ભાઇ, બ્હેનો અને બાળકોના કાને :—

દેહશુધ્ધિ પ્રાયશ્ચિતનો વિજયી નાદ પ્હોંચાડો.

—છપ્પો—

શુધ્ધિ કરવામાં સાર માર્ગ મળતો સીધો;
શુધ્ધિ કરવામાં સાર જ્ઞાન પ્યાલો પીધો.
શુધ્ધિ કરાવો આજ નથી રહેવાનું બેસી;

શુધ્ધ કરાવી, દુર કરો કુપંથ ગયેલો પેસી.
શુધ્ધિ ન કરાવી ત્યાં સુધી સ્વજાતિ આખી રંક છે;
શુધ્ધ, બુધ્ધને ધારણ કરો સરવ તણો એ હકક છે.

પ્રકરણ પાંચમું.

જ્ઞાતિ હિતેચ્છુઓને નિવેદન.

(વ્હાલા કૃષ્ણ બોલાવ ગોકુળ મને. એ રાહ)

જ્ઞાતી બાગ સુધારો સુમાળી બની;
માંહી વિવિધ રોપ રોપાવી કરી. ટેક.

જ્ઞાતિ બાગે ગ્રીષ્મતાનો;
ચંડ વાયુ વાય છે;
બાગનાં ફળ ફુલ વૃક્ષો
કુમળાં કરમાય છે;
સીંચી વારી સુધારો સુમાળી બની. જ્ઞાતી.

વજ્ર તુલ્ય થૈ વસુધા;
અધિક ઉગ્ર એ બાગની;
તૂલ તુલ્ય રૂપ દેવા
ભાળ લ્યો એ ભાગની;
જ્ઞાન ગુણ હળથી સુંવાળી કરી. જ્ઞાતી.

અજ્ઞાન વાદળ દળ થકી આ;
બાગ ઘેરાયો દીશે;
કરભાનું પ્રગટાવી દીયોને;
જ્ઞાન રોશન ચોદિશે;
ભાઇ ! પ્રેમ નજરથી નીહાળી કરી. જ્ઞાતી
ડગ મગાવે બાગ વૃક્ષો;
પ્રલય વાયુ જોશથી;
થર થરાવે કુસુંમ કુમળાં;
પ્રચંડ ચંડી ઘોષથી
વિરા ! ઓથ કરાને દુઃખાદિ સહી જ્ઞાતી..
ભાન ભુલી ભટકતા;
અજ્ઞાનના ઓછાડમાં
બુદ્ધિ શુદ્ધિ નાશ થઇ;
એ કુપથના સંવાડમાં,
સાચો જ્ઞાન મારગ બતાવી દઇ, જ્ઞાતી.
શુદ્ધિનું બ્યુગલ હવે;
પુર જોશથી વગડાવશો;
ઐક્યતાનો નાદ ગેબી;
જ્ઞાતીમાં ગગડાવશો;
બંધુ ! સેવક ભાવ ઉરમાંહી ધરી. જ્ઞાતી.

(મીત્ર.)

હિંદુ સંગઠનને અનુમોદન.

આર્ય સમાજ, હિન્દુ મહાસભાના કાર્ય કરતા અને પુજ્ય સ્વામી સત્યદેવ જેવા અનેક મહાન પુરૂષો, શુધ્ધી અને સંગઠનનો વિજય કરવા માટે બુલંદ ઘોષણથી કાર્ય કરે છે. તેનો મધુરો અને જમ્પર ધ્વની ભારતના ખુણે ખુણેથી આપણા કર્ણ પ્રતી અથડાય છે. મીત્રો ! તે સાંભળીને પ્રફુલ્લીત થઇ બેસી નહી રહેતાં, જ્ઞાતિ અને જગતની અંદર એ શુધ્ધિ અને સંગઠન વૃક્ષને મહાન વૃક્ષ બનાવવા માટે વારી સીંચન રૂપ આપણે યતાકંચીત પુરૂષાર્થ કરવાનું છે. અંતે એજ મહાન વૃક્ષ આર્યાવ્રતને સમસ્ત જગતને વૈદીક ધર્મના આદર્શ સિધ્ધાંતની ચૈતન્ય રૂપ શીતળ છાયા આપશે.

ઉપર કહ્યા મુજબ દરેક આર્ય હિન્દુમાં વિશાળ પ્રેમ ભાવે અને નીર્ભયતાથી ઇશ્વરોક્ત વઇદીક ધર્મના આદર્શ સીધ્ધાંતોના જ્ઞાનામૃતનું ભુલાને પાન કરાવીને પવિત્ર કરવાની ધગશ અગ્ની છે. એ અગ્ની તે સ્થુલ અગ્ની નહીં, પરંતુ આત્માનો સ્વપ્રકાશ કરનારી મહાન વીસ્તાર રૂપે સુક્ષમ અગ્ની છે. તે અગ્નાસ્ત્રની દરેક આર્ય સંતાનને જરૂરી છે. જે અગ્ની બળે દરેક મનુષ્યને સ્વરૂપના પ્રકાશની પીછાણ થાય. કીન્તુ એ અગ્નીની ધગસ આપણા આત્માઊંડાણમાં જયારે પુરેપુરી પ્રગટશે ત્યારે આપણે લક્ષ સ્થાને પ્હોંચીશું.

સનાતન વૈદીક ધર્મની શક્તિ.

જુઓ * મહર્ષિ દયાનંદ સરસ્વતીના આત્મા ઊંડાણમાં પણ એજ અગ્નીની ધગસ હતી. આ આર્યાવ્રતના રહે-

* " દયાનંદ પ્રકાશ " વાંચો..

વાસીઓ, વિધર્મીઓના સ્વાર્થી મતમતાંતરોની પાખંડ અને વ્હેમી પરતંત્રતાની ગુલામીના જંજીરમાં જકડાયલા જોઇ, તેથી મુક્ત કરવા આ દુનીયાના સર્વ વિલાસો ઠોકરે ચડાવી મહાન કર્તવ્ય પરાયણ બનવા, મહાત્માઓ પાસેથી સત્યના શોધન માટે હીમગીરીઓમાં ભ્રમણ કરનાર, એક દિવસોનો મુળશંકર "મહાન આદર્શ સુધારક સ્વામી દયાનંદ સરસ્વતી બને છે,"

પ્રીય મીત્રો ! તમારી દ્રષ્ટી જરીક અખંડ બ્રહ્મચારી મહર્ષિ દયાનંદ તરફ અને તે સ્વામીના અધુરા કાર્યને પુર્ણ કરવા, શુધ્ધી વૃક્ષના મુળમાં શરીરના રક્તનું સીંચન કરી તે વૃક્ષ વીશાળ બનાવનાર સ્વામી શ્રધ્ધાનંદના આદર્શ જીવન તરફ દ્રષ્ટી કરો. એ મહાન શક્તિશાળી સંભાવીત આત્માઓએ આર્યાવ્રતમાં ચૈતન્યની પુનઃ જયોતિ જગાવી દીધી છે. સત્ય સમજવા માટે આત્મ ઉંડણમાં ઉતરવાનો જેઓને પ્રમાદ હતો તેઓને જાગ્રત કરવા બુલંદ સ્વરે હાકલ કરી ભારત વાસીઓને કહ્યું કે, ઉઠો! જાગો!! આપણે ત્યાગી દીધેલ, આપણાથી વેગળા થયેલ સ્વભાંડુઓનાં આદર્શ જીવન બનાવવા તેમને ધર્મ તત્વ સમજાવી શુધ્ધ કરો. સ્વધર્મના સીધ્ધાંતો ન સમજવાથી ચાર વર્ણોમાંથી અનેક વર્ણો બનીને, જ્ઞાતીજ્ઞાતીઓમાં અનેક તડ પડી ગયાં છે. પણ હવે તે કુસંપથી બંધાયેલ તડાં તોડી ભ્રાતૃભાવથી સત્વર સંગઠન કરી. ઋષીઓના સમય જેવો આ સમય બનાવીને સત્ય વૈદીક સનાતન ધર્મની ॐની વિશ્વ વીજયી પતાકા ફરકાવો.

સત્ય સ્વધર્મનું રહસ્ય.

---હરિગીત છંદ---

છે સત્ય જે કંઇ રાહમાં તે રાહમાં થઇ ચાલવું

ઓમ્કાર એજ અનાદિ ઇશ્વર તત્વ સાચું માનવું. (૧)
શાંન્તિ ધરી શુધ્ધ હૃદયમાં સૌ આત્મ એકજ સમજવું
ખરી સત્યતા પણ એજછે શુધ્ધજ્ઞાન પણ એમાં રહ્યું. (૨)
નવ માન કે અપમાન જેને આત્મ તત્વ પ્રમાણ છે;
આ લોક કે પરલોક સમજે જેહ એક સમાન છે. (૩)
મોટાઇ કે લઘુતાઇ ત્યાં ન ઠગાઇ કે ન સગાઇ છે;
શુધ્ધ રાહ અંતર જેહને એ તત્વની સમજાઇ છે. (૪)
એ સમજ વિણ સૌ અન્ય મારગ તે અધુરા જાણવા,
જેને જગતમાં જેમ રૂચે તેમ લાગ્યા તાંણવા (૫)
પણ તાંતણા એ જીર્ણ થૈ કો કાળમાં તુટી જતા;
જે રાહદારી જ્ઞાનના તે તત્વમાંહિ મળી જતા; (૬)
તે વેદ ના કંઈ ભેદ રાખે ના કંઈ દીલ માંઇ છે;
સર્વત્ર આત્મ સ્વરૂપ સમતા માની એ પ્રભુતાઈ છે. (૭)
એ ધર્મનો જંડો ખરે આ જગ્તમાંહિ ફરકશે;
પુજો અનાદિ તત્વથી સુખ ભાનુ પુરણ પ્રગટશે (૮)

જ્ઞાતિસંગઠન.

—છપો—.

જાગ્યા નારાયણ વીર સંપ સુબુધ્ધિ સ્થાપી;
જાગ્યા હિતેચ્છુ વીર કોમ કુબુધ્ધિ કાપી·
જાગ્યા આપણ વીર, વીર અન્ય જગાડયા;

જાગ્યા શુભેચ્છક વીર, બીર વાજાં વગાડયાં.
જાગી જુઓ દુનીઆં બધી, કરો કુપંથ સમુળો અળગો
"યુવક" ફર્જ બજાવવા હિત કાર્યમાં સરવે વળગો.

આર્યાવૃતમાં આજે નવીન ક્રાન્તિ ઉત્પન થઈ છે. તેને આપણે અનુમોદન દઇ લાભ લેવાનો એજે કે, જ્ઞાતિમાં સનાતન ધર્મનો પ્રચાર, સત્ય સિધ્ધાંતોની ચર્ચાઓ કરી અનુશીલન (અભ્યાસ) કરવાર્થે, અપુર્વ પ્રેમ ભાવે પરસ્પર ઐક્ય વિચારોથી સભાઓ ભરીને આપણા ભાઇઓને સત્ય સમજાવી બાથમાં લઇ, ગુજરાત વાસી, કાઠીઆવાડી આદિ કુર્મી ક્ષત્રીઓનુ સંગઠન કરવાની સત્વર જરૂરી છે. વ્હાલા મીત્રો! આજે તમોને પ્રાર્થું છું કે, તમારી નસોમાં પ્રાતઃસ્મરણીય શ્રીરામચંદ્ર શ્રીકૃષ્ણચંદ્ર, છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપ આદિ પુર્વજોનું રકત વ્હે છે. તો [illegible] મહાત્માને જ્ઞાનરૂપી ગંગાનું પવિત્ર જળ પાઇને પાવન કરી, આત્માભાવની સ્થાપના કરી, દુઃખીઓમાનાં દુઃખો [illegible] કરી, પડેલાઓને ઉઠાડો અને ઉઠેલાઓને સહકાર આપી આગળ [illegible]. આ ઉદ્ધાર અને ઉચ્ચ આસયને ગ્રહણ કરવાથી [illegible] છે. જરૂર એ શુભ દિવસ આવવાનો કે તે દિવસે સૌ [illegible] અને ચોમેર આપને યશ મળશે. સૌનો [illegible] થશે.

संगच्छध्वं संवदध्वं संवो मनांसि जानताम्
देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥

ભાવાર્થ—એક સ્થળે મળો, સંવાદ કરો, તમારાં મન એક કરો અને જે પ્રમાણે પુરાતન વિદ્વાનો પોતાના નીયત કર્તવ્ય માટે એકત્ર થતા હતા, તે પ્રમાણે તમે પણ એકત્ર થાઓ,

પરિષદ ભરવાની આવશ્યકતા.

કચ્છમાં પરીષદ ભરી સર્વ બંધુઓ, એક સ્થળે ભેગા થાય તોજ જ્ઞાતીના ધુંચવાયેલ કોકડાનો ઉકેલ થઇ શકે. ભાઇઓ, દીલ ખોલીને દર્દ જણાવે, હિતેચ્છી ગોરો એનો (શુધ્ધી અને સંગઠનનો) યોગ્ય ઉપાય બતાવે. મુળમાં પેસેલ સડાઓ જ્ઞાતિરૂપી સુંદર સ્થંભને કરકોલી ખાનાર કુરૂઢીઓને દુર કરી, સત્ય જાણી સાચું સ્વાસ્થય સાચવી શકાય.

બંધુઓ ! અને પુજ્ય બહેનો ! તમોએ આ "પુષ્પ" વાંચ્યું, શ્રવણ કર્યું તેથી તમારૂં અંતઃકરણ દ્રવ્યું હોય ? દિવ્ય વિચાર યુકત જ્ઞાતી હીત ઇચ્છના માટે દયાળુ રકત અશ્રુઓ ટપકાવી ચક્ષુઓ ભીનાં કર્યા હોય ? હમેંશાં જ્ઞાતી સંગઠન કર્યાના વીચારના પ્રવાહમાં વહ્યાં કરતાં હો તો જ્ઞાતીનો વીજય ધ્વજ ફરકાવો અને ઉત્સાહીઓ—

સ્વધર્મ નાદ બજાવી દે.

નરવીર શુરવીર પાકજો મમજ્ઞાતિજન ઉધ્ધારવા;
સેવક બની સેવા કરે અજ્ઞાન દળ વિદારવા.
અજ્ઞાન વાદળ વાદળ થકી સ્વજ્ઞાતિ જે ઢંકાઇ છે;
નરવીર થાયે જ્ઞાતિ મહિં ઘનઘોર દળ વીખરાવી દે.
ક્ષણુ ક્ષણુ મહિં જ્ઞાતિ તણાં દુઃખ દાઝને દિલમાં ધરી.
પળ પળ પ્રપંચી પંથ છેદાવે ખરી વિરતા વરી
સંગઠન કરી સ્વજાતિ હાલત હાલથી પલટાવી દે;
વીર રત્ન થાજો જ્ઞાતિ માંહિ સ્વધર્મનાદ બજાવી દે.

સમાપ્ત.